DATE : 15/03/2026

DIVYA BHASKAR, PAGE-2, SURAT

**સિટી એન્કર**

**ભૂગર્ભ સ્ટેશનો-ટનલમાં સીમલેસ નેટવર્ક કનેક્ટિવિટી માટે ટેન્ડર પ્રક્રિયા શરૂ કરાઈ**

# સુરત મેટ્રોના અંડરગ્રાઉન્ડ રૂટમાં મુંબઈથી અદ્યતન મોબાઇલ નેટવર્ક હશે: ચોક, મસ્કતી, લાભેશ્વર સ્ટેશન પર બિલ્ટઈન 5G ઈન્સ્ટોલ કરાશે

લવકુશ મિશ્રા | સુરત

સુરત મેટ્રોના ભૂગર્ભ રૂટમાં મુંબઈ મેટ્રો કરતાં વધુ અદ્યતન મોબાઇલ નેટવર્કિંગ હશે. ચોક બજાર, મસ્કતી અને લાભેશ્વર મેટ્રો સ્ટેશનો પર બિલ્ટ-ઇન 5G કવરેજ સોલ્યુશન્સ ઈન્સ્ટોલ કરવામાં આવશે, જેથી મુસાફરોનું મોબાઇલ નેટવર્ક વિક્ષેપિત ન થાય. GMRC એ ભૂગર્ભ સ્ટેશનો અને ટનલમાં સીમલેસ મોબાઇલ નેટવર્ક કનેક્ટિવિટી માટે ટેન્ડર પ્રક્રિયા શરૂ કરી છે. આ મેટ્રો મુસાફરી દરમિયાન 2G થી 5G સુધી સુસંગત અને સુધારેલ સિગ્નલ કામગીરી સુનિશ્ચિત કરશે.

## મુંબઈમાં મેટ્રોની ટનલમાં મોબાઇલ નેટવર્કની સમસ્યા



મુંબઈ મેટ્રોના ભૂગર્ભમાં નેટવર્ક સમસ્યા આવી છે. ટેલિકોમ કંપનીઓની મર્યાદિત ભાગીદારી અને વાણિજ્યિક કરારના અભાવે કોલ ડ્રોપ, સેવા ન હોવી અને UPI પેમેન્ટ ફેલ જવા જેવી ફરિયાદો મળી રહી છે. ઘણા મુસાફરોને સ્ટેશન WiFi વાપરવા ફરજ પાડવામાં આવે છે.

## ટનલો બની ગઈ, હવે ટ્રેક-ભૂગર્ભ સ્ટેશનોનું કામ ચીલ રહ્યું છે

સુરત મેટ્રો રેલના ભૂગર્ભ વિભાગ માટે ટનલ બની ગઈ છે. હવે ટ્રેક-ભૂગર્ભ સ્ટેશનનું કામ ચાલી રહ્યું છે. મેટ્રોના ભૂગર્ભમાં મોબાઇલ નેટવર્ક માટે ટેન્ડર પ્રક્રિયા બે પેકેજમાં કરાશે. પ્રથમ ટેકનિકલ દરખાસ્ત અને બીજામાં નાણાકીય દરખાસ્ત. બીડ સબમિટ કરવાની અંતિમ તારીખ 13 માર્ચ છે. સમગ્ર પ્રક્રિયા ઓનલાઈન પોર્ટલ પર કરાશે.

## વીડિયો કોલ, ઓનલાઈન પેમેન્ટમાં અડચણ નહીં આવે

મેટ્રોની મુસાફરીમાં ઘણીવાર કોલ ડ્રોપ, ઈન્ટરનેટ આઉટેજ અથવા મેસેજ જવામાં વાર લાગવી જેવી સમસ્યાઓનો સામનો થાય છે. નેટવર્ક ખાસ કરીને ભૂગર્ભમાં ઘણીવાર વર્ચ્યુઅલ રીતે અસ્તિત્વમાં નથી. બિલ્ટ-ઈન સોલ્યુશન્સ મુસાફરો માટે સીમલેસ વીડિયો કોલ, ઓનલાઈન પેમેન્ટ, સોશિયલ મીડિયા કે ઓફિસને લગતા કામો વિક્ષેપ વિના કરી શકાશે. GMRC ની યોજના અનુસાર, લાઇસન્સધારક સમગ્ર નેટવર્ક સિસ્ટમ ઈન્સ્ટોલ કરાશે. લાઇસન્સનો સમયગાળો અંદાજે 9 વર્ષનો રહેશે.